**શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ**
**Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai** સંચાલિત
**માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક બોર્ડ**
**Matushree Maniben Manshi Bhimshi Chhadva - Dharmik Shikshan Board**
વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ** નું પેપર

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૦૭-૦૮-૨૦૧૬ • સમયઃ બપોરે ૨ થી ૫.૩૦ • શ્રેણી **૧૦** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 10**

પ્રશ્ન - ૧ : (ક) મૂળ પાઠ લખો - માગધી લખો :
૧)કાર્યોને ૨) ઉપદ્રવ રહિત ૩) વીતરાગદેવની આજ્ઞાનુસાર ૪) સૌથી ઉત્તમ

જવાબ-૧:(ક) ૧)જોગં ૨) સિવ ૩) આણાએ ૪) ઉત્તમા

(ખ) મન, વચન, કાયાનો ચોથો દોષ અર્થ સાથે લખો.

જઃ (ખ) મનનો ચોથો દોષ :- ગર્વ : સામાચિકમાં અભિમાન ક
વચનનો ચોથો અર્થનો અનર્થ થાય - તેનું ટૂકું વચન બોલે.
કાયાનો ચોથો : ઘરનું કામ કરવાથી.

પ્રશ્ન - ૧ :પાઠપૂર્તિ કરો : (કોઈ પણ ૩) (૬) ૧૫

(૧) અઢ્ઢાઈજ્જેસુ ............ પડિગ્ગહધારા

જઃ (૧) અઢ્ઢાઈજ્જેસુ, દીવસમુદ્દેસુ, પન્નસ્સ કમ્મભૂમીસુ, જાવંતિ કેઈ, સાહૂ રયહરણ, ગુચ્છગ, પડિગ્ગહધારા.

(૨) સમણે .................. સાઈમં

જઃ (૨) સમણે, નિગ્ગંથે, ફાસુએણં, એસણિજ્જેણં, અસણં, પાણં, ખાઈમં સાઈમં.

(૩) ઇચ્છામિણં ............. ઠાએમિ

જઃ (૩) ઈચ્છામિણં ભંતે તુબ્ભેહિં અબ્ભણુણ્ણાએ સમાણે દેવસિયં પડિક્કમણં ઠાએમિ દેવસિય.

(૪) દેવસિયં ................ તિત્તીસન્નયરાએ

જઃ (૪) દેવસિયં વઈક્કમં આવસ્સિયાએ પડિક્કમામિ ખમાસમણાણં દેવસિયાએ, આસાયણાએ, તિત્તીસન્નયરાએ, જકિંચિમિચ્છાએ.

(ખ) **નીચના પ્રશ્નોના જવાબ લખો (કોઈ પણ ચાર)** (૪)

(૧) યતિધર્મ કેટલા પ્રકારના છે ? પ્રતિક્રમણમાં ક્યાં બતાવેલા છે ?

જઃ (૧) યતિધર્મ ૧૦ પ્રકારના છે, તે પ્રતિક્રમણમાં ચોથા શ્રમણ સૂત્રમાં બતાવેલ છે.

(૨) સાત કુવ્યસનો કયાં કયાં પાપમાં સમાઈ જાય છે ?

જઃ (૨) પ્રાણાતિપાતમાં = મદિરાપાન, માંસાહાર, શિકાર
અદત્તાદાનમાં = ચોરી. મૈથુનમાં = પરસ્ત્રીગમન, વેશ્યાગમન.
પરિગ્રહમાં = જુગાર.

(૩) પચ્ચક્ખાણ એટલે શું ?

જઃ (૩) પચ્ચક્ખાણ એટલે : વ્રત, નિયમ, ઈન્દ્રિયો પર કાબૂ કરવો, ભોગ-ઉપભોગની ઇચ્છાઓનો ત્યાગ કરવો તે.

(૪) વહાલા લાગે તેવા પાપ કયા ?

જઃ (૪) વહાલા લાગે તેવા પાપ = પરિગ્રહ, રાગ, પૈશુન્ય.

(૫) આપણા ભરતક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં પ્રથમ અને અંતિમ સિદ્ધ કોણ થયું ?

જઃ (૫) આપણા ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણી કાળમાં પ્રથમ સિદ્ધ મરુદેવીમાતા અને અંતિમ સિદ્ધ જંબૂસ્વામી થયા.

(ગ) ગુજરાતીઅર્થ લખો (૨$^{૧}/_{૨}$)

૧) પરિસોસણયા ૨) પયહીણં ૩) પેયાલા ૪) પડિલાભેમાણે ૫) પાવયણં

જઃ(ગ) ૧) પરિસોસણયા = સરોવર, કૂવા, તળાવ વગેરે ઉલેચવાવાળાનો વેપાર કર્યો
૨) પયહીણં = પદ ઓછું ભણાયું હોય

૩) પેચાલા = પ્રધાન, પાતાળ, કળશા સમાન.
૪) પડિલાભેમાણે = ભાવથી આપતો થકો.
૫) પાવચાંણં = પ્રવચન.

(ઘ) **અર્ધમાગધીમાં લખો.** (૨$^{1}/_{2}$)

| | | | | |
|---|---|---|---|---|
| **જવાબ** | (૧) | ગ્રહણ કરેલી હોય | **જવાબ :** | પરિગ્ગહિયં |
| **સાથે** | (૨) | પૃથ્વીકાયની હિંસાથી | **જવાબ :** | પુઢવિ કાએણં |
| | (૩) | ઘણું સુતાં રહેવાથી | **જવાબ :** | પગામસિજ્જાએ |
| | (૪) | બીજાની નિંદા કરવી (વાંકું બોલવું) | **જવાબ :** | પરિવાદ |
| | (૫) | રજોહરણ ગુચ્છાથી | **જવાબ :** | પાય પુચ્છણેણં |

---

**પ્રશ્ન – ૨ : ડાલાપાલાના આધારે જવાબ લખો :** ૧૫

(ક) (૧) ચાર પ્રકારના પાલાના નામ લખો. (૧)

**જઃ(ક) (૧) ૧) અનવસ્થિત ૨) શલાકા )૩) પ્રતિશલાકા ૪) મહાશલાકા**

(૨) અનંતાનું માપ જાણીને શું લાભ થાય ? (૨)

**જઃ (૨) અનંતાનું માપ જાણી, અનંત કાળનું પરિભ્રમણ અટકાવવા પાપોથી તોજ જન્મ-મરણ દૂર કરી શકશું, આ અનંતાના સ્વરૂપને જાણીને જરૂર વૈરાગ્ય આવે.**

(૩) પાલાની લંબાઈ, પહોળાઈ, ઊંડાઈ જગતિ (કોટ) લખો. (૨)

**જઃ (૩) પાલાની લંબાઈ પહોળાઈ = ૧ લાખ ચોજન (જંબૂદ્વીપ સમાન ગોળ)**
**ઊંડાઈ = ૧ હજાર ચોજન,**
**જગતિ (કોટ) = ૮ ચોજન (૧ હજાર ચોજનની ઉપર.**

(૪) <u>માગ્યા પ્રમાણે નામ લખો :</u> (૨)

અ) ૮મું અનંત બ) અસંખ્યાત પાંચમું ક) મધ્યમ સંખ્યાત કઈ ડ) ૧લું અનંત.

**જઃ (૪) અ) ૮મું અનંત = મધ્યમ અનંતા અનંત,**
**બ) ૫મું અસંખ્યાતા = મધ્યમ ચુક્તા અસંખ્યાત.**
**ક) મધ્યમ સંખ્યાત = ૩, ૪, ૫ થી ઉત્કૃષ્ટ સંખ્યાતાથી એક ન્યૂન સુધી**
**ડ) ૧લું અનંદા = જઘન્ય પરિત્ત અનંતા**

(૫) જઘન્ય ચુક્તા અસંખ્યાતા કેવી રીતે મળે ? (૧)

**જઃ (૫) જઘન્ય પરિત્ત અસંખ્યાતાની જેટલી સંખ્યા છે તેને પરસ્પર અભ્યાસરૂપ ગુણતાં જે સંખ્યા આવે તેને જઘન્ય ચુક્તા અસંખ્યાત કહે છે. (ચોથું અસંખ્યાત)**

(૬) એક આવલિકાના સમય કેટલા ? (૧)

**જઃ (૬) એક આવલિકાના સમય જઘન્ય ચુક્તા અસંખ્યાતા જેટલા સમય જાણવા.**

**(ખ) <u>ખાલી જગ્યા પૂરો</u> :** (૩)

(૧) ........પાલાનું માપ બદલાતું જ રહે છે.

**જઃ (૧) <u>અનવસ્થિત</u> પાલાનું માપ બદલાતું જ રહે છે.**

(૨) જઘન્ય પરિત્ત અસંખ્યાતામાંથી બે દાણા ન્યૂન જે સંખ્યા આવે તેને ....... કહેવાય.

**જઃ (૨) જઘન્ય પરિત્ત અસંખ્યાતામાંથી બે દાણા ન્યૂન જે સંખ્યા આવે તેને <u>મધ્યમ સંખ્યાતા</u> કહેવાય.**

(૩) પાણીનાં એક ટીપામાંથી જીવો નીકળીને ....... જેવડું શરીર બનાવે તો.....માં સમાય નહીં.

**જઃ (૩) પાણીનાં એક ટીપામાંથી જીવો નીકળીને જો <u>સરસવ</u> જેવડું શરીર બનાવે.**

(ગ) ડાલાપાલાનું વાસ્તવિક સ્વરૂપ આપણને શું સમજાવે છે ? (૩)

**જઃ(ગ) ડાલાપાલાનું વાસ્તવિક સ્વરૂપ આપણને સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતકાનું સ્વરપ સમજાવે છે. અનંતા કાળચક્રો, અનંતા પુદ્ગલ પરાવર્તનના કાળની સમજણનો નક્કર નિચોડ આત્મામાં વૈરાગ્ય પ્રગટાવવો તે છે. એક વખતની ક્ષણિક ક્ષમા અસંખ્યાત કાળ સુધીની શાતા અપાવી શકે છે. અનંતી શાતાનો અનુભવ કરાવી શકે છે. જ્યારે એક વખતનો**

ક્ષણિક ક્રોધ કે અહંકાર અસંખ્યાત કાળ સુધીની અશાતા અપાવી શકે છે. અનંતી અશાતાનો અનુબંધ કરાવી શકે છે.

---

પ્રશ્ન – ૩: પુદ્‌ગલ પરાવર્તનના આધારે લખો : (૪ × ૨) ૮

(ક) (૧) જીવ કેટલા પ્રકારની વર્ગણાઓ ગ્રહણ કરી શકે છે ? પ્રથમ ચાર લખો. (૨)

**જ: (ક)(૧) જીવ આઠ પ્રકારની વર્ગણાઓ ગ્રહણ કરી હકે છે. તેન નામ :**

**૧) ઔદારિક ગ્રહણ યોગ્ય વર્ગણા ૨) વૈક્રિય ગ્રહણ યોગ્ય વર્ગણા**

**૩) આહારક ગ્રહણ યોગ્ય વર્ગણા ૪) તેજસ ગ્રહણ યોગ્ય વર્ગણા.**

(૨) પુદ્‌ગલ પરાવર્તન એટલે શું ? તેના કેટલા ભેદ છે ? (૨)

**જ: (૨) પરમાણુ પુદ્ધગલના સંયોજનથી અને વિભાજનથી પુદ્ધગલોનું અનંત અનંત પરિવર્તન થાય છે. એક પરમાણુ દ્વિ પ્રદેશથી સ્કંધ સાથે ભેગા થવા પર અનંત પરિવર્તન થાય છે. કારણ કે પરમાણુ અનંત છે અને દરેક પરમાણુથી પુદ્ધગલ પરાવર્તન થતું રહે છે. તેના ચાર ભેદ છે.**

(૩) કાળની અપેક્ષાએ અલ્પબહુત્વ લખો (પ્રથમ ચાર) (૨)

**જ: (૩) ૧) સર્વથી થોડા કાર્મણ પુદ્ધગલ પરાવર્તનનો (અનંત) કાળ છે.**

**૨) તેથી તેજસ પુદ્ધગલ પરાવર્તન કાળ અનંતગુણો.**

**૩) તેથી ઔદારિક પુદ્ધગલ પરાવર્તનનો કાળ અનુંતગુણો.**

**૪) તેથી શ્વાસોચ્છ્‌વાસ પુદ્ધગલપરાવર્તનનો કાળ અનંતગુણો.**

(૪) દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તનના ભેદ કેટલા છે ? કયા કયા ? (૨)

**જ: (૪) દ્રવ્ય પુદ્ધગલ પરાવર્તનના ૭ ભેદ છે. ૧) ઔદારિક પુ.પ.**

**૨) વૈક્રિય પુ.પ. ૩) તેજસ પુ.પ. ૪) કાર્મણ પુ.પ. ૫) મન, પુ.પ.**

**૬) વચન પુપ. ૭) શ્વાસોશ્વાસ પુ.પ.**

(ખ ટૂંકમાં જવાબ લખો : (૧ × ૭) ૭

(૧) સૂક્ષ્મભાવ પુદ્‌ગલ પરાવર્તન સમજાવો.

**જ: (૧) એક જીવ પોતાના મરણ દ્વારા અનુભાગબંધ અથવા રસબંધના કારણરૂપ સમસ્ત અધ્યવ્યસાય સ્થાનોને ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે. તેને સૂક્ષ્મભાવ પુદ્ધગલ પરાવર્તન કહે છે.**

(૨) સાત પુ. પ.માં સૌથી થોડો કાળ કોનો ? સૌથી વધુ કાળ કોનો ?

**જ: (૨) કાર્મણ પુ.પ.નો સૌથી થોડો કાળ છે.**

(૩) આપણે વૈક્રિય પુદ્‌ગલ પરાવર્તન વધારે કર્યા કે ઔદારિક ?

**જ: (૩) આપણે ઔદારિક પુદ્ધગલ પરાવર્તન વધારે કર્યા.**

(૪) એક પુદ્‌ગલ પરાવર્તન કેટલા કાળ પ્રમાણે હોય ?

**જ: (૪) એક પુદ્ધગલ પરાવર્તન અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી કાળ પ્રમાણ હોય.**

(૫) પુદ્‌ગલ પરાવર્તન શું કહે છે ?

**જ: (૫) પુદ્ધગલ પરાવર્તન કહે છે ''પર પુદ્ધગલથી ખસ અને સ્વમાં વસ''.**

(૬) સર્વ જીવે કેટલા પુદ્‌ગલ પરાવર્તનના કર્યા ?

**જ: (૬) સર્વ જીવે ઔદારિક પુ.પ, વૈક્રિય, તેજસ પુ.પ. વગેરે સાતે પુદ્ધગલ પરાલર્તન અનંત અનંત કર્યા.**

(૭) મન પુદ્‌ગલ પરાવર્તનના દંડક કેટલા ? ભાષા પુ. પરાવર્તનના દંડક કેટલા ?

**જ: (૭) મન પુ.પ.ના ૧૬ દંડક છે.**

---

પ્રશ્ન – ૪ :(ક) આયુષ્યના ભાંગાના આધારે જવાબ લખો : ૧૩

(૧) કેટલા બોલ સાથે જીવ આયુષ્ય બાંધે છે ? કયા કયા ? (૨)

**જ: (ક)(૧) પરભવ જતાં છ બોલ સાથે આયુષ્ય બાંધે છે.**

**૧) જાતિનામ ૨) ગતિ ૩) સ્થિતિ ૪) અવગાહના ૫) પ્રદેશ ૬) અનુભાગ**

(૨) પાંચ સ્થાવરમાં સમયે સમયે કેટલા જીવ ઉપજે ? (૧)

**જ. (૨) સ્થાવરમાં સમયે સમયે અસંખ્યાતા જીવો ઉપજે. વનસ્પતિમાં સમય સમયે અનંતા જીવો ઉપજે.**

(૩) સમુચ્છિંમ અને જુગલિયા મનુષ્યને કયા પ્રકારના આયુષ્ય હોય ? (૧)

**જ. (૩) બંને પ્રકારના સોપક્રમી અને નિરૂપક્રમી.**

(૪) ઔદારિકના ૧૦ દંડકમાં આયુષ્યના પ્રકાર કેટલા ? કયા કયા ? (૧)

**જ. (૪) દશ ઔદારિકના દંડકમાં ૧) સોપ્રક્રમી અથવા ૨) નિરૂપક્રમી એમ બે પ્રકારે આયુષ્ય બાંધેલા જીવે છે.**

(૫) સોપક્રમી આયુષ્યનું બીજું નામ શું ? ગજસુકુમાર મુનિને કયું આયુષ્ય હતું ? (૧)

**જ. (૫) સોપક્રમી આયુષ્યને અપવતનીય આયુષ્ય પણ કહે છે.**

**(ખ) નીચેના વાક્યો સાચા છે કે ખોટાં ? અને જે ખોટાં હોય તે સુધારીને લખો :** (૨)

**જવાબ** (૧) ૨૪ દંડકના જીવો એક સમયમાં નિરંતર ઉપજે છે. **જવાબ (૧) સાચું**

(૨) આઠ આકર્ષે કરી જાતિ નિધ્ધત આયુષ્ય બાંધનારા અનંતા જીવો છે. **જવાબ (૨) સાચું**

(૩) સમયે સમયે જીવ આઠ કર્મ બાંધે છે. **જવાબ (૩) ખોટું. સાત બાંધે છે**

(૪) સિધ્ધના જીવો એક સમયમાં સઅંતર નીકળે છે. **જવાબ (૪) ખોટું. નીકળેજ નહીં.**

**(ગ) નીચેના જીવોનો આયુષ્યનો બંધ કયારે પડે ?** (૨)

૧) ચરમ શરીરી

**જ.(ગ) (૧) ચરમ શરીર = આયુષ્યબંધ ન પાડે**

૨) વાસુદેવ

**જ. ૨) વાસુદેવ = આયુષ્યના છ માસ બાકી રહે ત્યારે.**

૩) બાફેલું બટેટુ

**જ. (૩) આયુષ્યનો બંધ ન પાડે.**

૪) ૩૦૦ વર્ષના નિરૂપક્રમી આયુષ્યવાળો મનુષ્ય

**જ. (૪) ૨૦૦ વર્ષે ત્રીજે ભાગે.**

(ઘ) (૧) સઅંતર અને નિરંતર એટલે શું ? (૧)

**જ.: (ઘ)(૧) અંતર = સહિત વચ્ચે વિરહ પડે તેવી રીતે જીવનું ઉપજવું.**
**નિરંતર = અંતર રહિત વચ્ચે વિરહ ન પડે તેવી રીતે જીવનું ઉપજવું.**

(૨) ૨૪ દંડકમાથી નીચેના જીવો કેવી રીતે અને કેટલી સંખ્યામાં એક સમયમાં ઉપજે? (૨)
૧) સિદ્ધ ૨) પાંચ સ્થાવર ૩) પંકપ્રભાનારકી ૪) બ્રહ્મલોક દેવલોકનો દેવ

| જ. (૨) જીવના પ્રકાર | ૧ સમયમાં | | ૧ સમયમાં | | |
|---|---|---|---|---|---|
| | સઅંતર | નિરતર | સંખ્યાતા | અસંખ્યાતા | અનંતા |
| ૧) સિધ્ધા | હા | હા | હા ૧૦૮ | ના | ના |
| ૨) પાંચ સ્થાવર | ના | હા | ૪ સ્થા.ના | હા | ના |
| | | | વનસ્પતિ – ના | હા | હા |
| ૩) પંક પ્રભા નારકી | હા | હા | હા | હા | ના |
| ૪) બભ દેવલોકને/દેવ | હા | હા | હા | હા | ના |

**પ્રશ્ન – ૫ : વિરહપદના આધારે પ્રશ્નોના જવાબ લખો :** ૧૨

(૧) કયા બોલમાં વિરહ કાળ નથી ? (૧)

**જ. (૧) પાંચ એકેન્દ્રિયમાં વિરહ કાળ નથી.**

(૨) વધારેમાં વધારે કેટલા સમય પછી એક જીવ બીજી ગતિનો મહેમાન બને છે ? (૧)

**જ. (૨) વધારેમાં વધારે ૧૨ મુહૂર્ત પછી એક જીવ બીજી ગતિનો મહેમાન બને છે.**

(૩) કેટલા સમયે એક જીવ અવશ્ય મોક્ષે જાય છે ? (૧)

જ. (૩) ૬ મહિને એક જીવ મોક્ષે અવશ્ય જાય જ.

(૪) નીચેના પદનું જઘન્ય, ઉત્કૃષ્ટ વિરહ લખો : (૫)

૧) સૂર્યગ્રહણ ૨) ભરત ઈરવતમાં સામાયિક ચારિત્ર ૩) પૃથ્વીકાય ૪) નવિન સાધુ ૫) વિજય વિમાન

| | વિરહપદનું નામ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| ૧ | સૂર્યગ્રહણ | ૬ મહિના | ૪૮ વર્ષ |
| ૨ | ભરત ઈરવતમાં સામાયિક | ૬૩,૦૦૦ વર્ષ | દેશે ઊણા ૧૮ ક્રો. કો. |
| | ચારિત્ર | ઝાંઝેરા | સાગર |
| ૩ | પૃથ્વીકાય | અંતર સુધી | ---- |
| ૪ | નવિન સાધુ | ૧ સમય | ૧૫ દિવસ |
| ૫ | વિજય વિમાન | ૧ સમય | પલ્યના અસંખ્યાતમા ભાગનું |

(૫) નીચેનો વિરહ પદ કયા પદનો છે ? (૩)

૧) ૭ દિવસ ૨) ૧૦૦ દિવસનું ૩) ૪૫ દિવસનું ૪) ૧૫ દિવસ ૫) અંતર્મુહૂર્તનું
૬) સાડી બાવીસ દિવસ.

જ. (૫) ૧) ૭ દિવસ = નવીન સમકિત, જીબી નરકે
૨) ૧૦૦ દિવસનું = આઠમે દેવલોકે
૩) ૪૫ દિવસ = છઠ્ઠે દેવલોકે
૪) ૧૫ દિવસ = નવીન સાધુ, ત્રીજી નરકે
૫) અંતર્મુહુર્ત = ત્રણ વિકલેન્દ્રિય ને તિર્યંચ સમૂર્ચ્છિમમાં અંતર પડે તો
૬) સાડી બાવીસ દિવસ = પાંચમે દેવલોક

(૬) વિરહ એટલે શું ? (૧)

જ. (૬) તે સ્થાનમાં તે ગતિમાં ન આવતો હોય, કોઈ પણ નવો જીવ ન ઉત્પન્ન થતો હોય તેને વિરહ કાળ કહેવાય છે.

પ્રશ્ન - ૬ : સંસ્કાર વિભાગના આધારે જવાબ લખો : ૧૦

(ક) (૧) યોગોનું ઘડતર કરવાથી કયા ગુણની પ્રાપ્તિ થાય ? (૨)

જ. (૧) મન, વચન, કાયા એ આપણા દુઃખનું અને સંસાર વધારવાનું કારણ બને, પણ યોગોનું ઘડતર કરવાથી સ્વયં શીલ્પી બની સંસારસુખનું અને મોક્ષનું કારણ બને છે.

(૨) ઇચ્છા કયા કારણે થાય છે ? (૨)

જ. (૨) મનથી ઈચ્છાઓ મોહ ભાવનાં કારણે થાય છે. પુણ્યોદય પ્રમાણે પૂર્ણ થાય છે. મનની ઈચ્છાઓ પાપ બંધાવે છે. પુણ્યના ઉદયથી વધારે મળતું નથી માટે ઈચ્છા કરી પાપ બાંધવા કરતાં મનના ઘડતરથી પાપબંધ ઘટાડીએ.

(૩) ત્રણે યોગોના સંયોગથી કેટલી સ્થિતિનું કર્મ બંધાય ? (૧)

જ. (૩) માત્ર કાયાથી કર્મ બંધાય તો ઉત્કૃષ્ટ ૧ સાગરોપમના, કાયા અને વચનના સંયોગથી ઉત્કૃષ્ટ ૧૦૦૦ સાગરોપમના અને ત્રણે યોગના સંયોગથી ઉત્કૃષ્ટ ૭૦ કો.કો. સાગરોપમનું કર્મ બંધાય છે. ત્રણે યોગના સમ્યક્ પ્રવર્તનતી શ્રેણી આરૂઢ થઈ મોક્ષ પામી શકાય છે.

(ખ) ખાલી જગ્યા પૂરો : (૫)

(૧) .........ના ઉદયે અનંત જીવ વચ્ચે એક શરીર હોય.

જ. (૧) <u>સાધારણ નામ</u>ના ઉદયે અનંત જીવ વચ્ચે એક શરીર હોય.

(૨) વચનનો પ્રશસ્ત ઉપયોગ ઊંચું ......... કર્મ બંધાવે છે.

જ. (૨) વચનનો પ્રશસ્ત ઉપયોગ ઊંચું <u>શાતાવેદનીય</u> કર્મ બંધાવે છે.

(૩) શરીરથી ઇન્દ્રિયનું સુખ માણવું તે છે...........

**જ. (૩) શરીરથી ઈન્દ્રિયનું સુખ માણવું તે છે <u>સુખશીલતા.</u>**

(૪) અવાજ નીચો રાખી બોલવાથી .........નું નિયંત્રણ થાય છે.

**જ. (૪) અવાજ નીચો રાખી બોલવાથી <u>કષાયો</u>નું નિયંત્રણ થાય છે.**

(૫) એક અંતમુહૂર્તના મનના ......... થી અનંતકાળ મન મળતું નથી.

**જ. (૫) એક અંતપુહૂર્તના મનના <u>અપ્રશસ્તભાવ</u>થી અનંતકાળ મન મળતું નથી.**

---

પ્રશ્ન - ૭ : વાર્તાના આધારે જવાબ લખો : ( ૫ × ૨=૧૦) ૧૦

(૧) જીવ સૂતાં સારાં કે જાગતા ? શા માટે ?

**જ. (૧) જે જીવ અધાર્મિક, અધર્મનું અનુસરણ કરનારા અધર્મપ્રિય તેવા જીવો સૂતા સારા તે જાગતા હોય તો અનેક જીવોનું દુઃખ, શોક કે સંતાપનું કારણ બને છે, જ્યારે જે જીવો ધાર્મિક અને ધર્મપ્રિય છે, તે બીજાના શોક કે સંતાપનું કારણ બનતા નથી, તે પોતાને અને પરને તથા સ્વ પર સર્વને ધર્મમાં જોડે છે. માટે અમુક જીવો સૂતા રહે અને અમુક જીવો જાગૃત રહે તે સારું.**

(૨) વારંવાર તેતલીપુત્રએ મરવાના કેવા કેવા પ્રયત્ન કર્યા ? પ્રથમ ત્રણ લખો.

**જ. (૨) તેતલીપીત્રનો બધેથી અસ્વીકાર થતાં મરી જવાનો વિચાર કર્યો. તેમ વિચારી તેમણે ૧) કાતિલ ઝેર ચૂસી લીધું પરંતુ તે ઝેરની કોઈ અસર ન થઈ. ૨) તેમણે તલવારનો પ્રહાર પોતાના ગળા પર કર્યો પણ તલવાર બૂઠ્ઠી થઈ ગઈ. ૩) દોરડાનો ફાંસલો કરી ગળામાં નાખ્યો, દોરડાને ઝાડ સાથે બાંધી ઉપરથી કૂદકો માર્યો તો પણ દોરડું તૂટી ગયું.... આમ ત્રણેય પ્રયત્ન નિષ્ફળ ગયા.**

(૩) નિયાણું શા માટે ન કરું જોઈએ ?

**જ. (૩) નિયાણું એટલે ફળની મર્યાદા બાંધી લેવી. નિયાણા રહિત કરેલી તપસાધના ફળની સિદ્ધિ કરાવે. જો તામલી તાપસે નિયાણું કર્યું હોયત તો ભવનપતિના ઇન્દ્ર તરીકે ઉત્પન્ન થાય પરંતુ નિયાણું ન કરવાના ફળસ્વરૂપે વૈમાનિકના ઇન્દ્ર તરીકે ઉત્પન્ન થયા એટલે કે વધુ સારું ફળ મળ્યું માટે નિયાણું કદી ન કરવું.**

(૪) તેતલીપુત્ર, જયંતિ શ્રાવિકા અને તામલી તાપસનો અધિકાર કયા આગમમાં છે ?

**જ. (૪) તેતલીપુત્ર જ્ઞાતાધર્મ કથા સૂત્ર, જયંતિ શ્રાવિકા અને તામલી તપાસ બંને ભગવતી સૂત્ર.**

(૫) તામલીએ કઈ પ્રવર્જ્યા ગ્રહણ કરી? પછી તેણે શું અભિગ્રહ કર્યો ?

**જ. (૫) તામલીએ મંડિત થઈ પ્રણામા નામની દીક્ષા અંગીકાર કરી. તેણે અભિગ્રહ કર્યો કે હું જાવજીવ સુધી છઠ્ઠની તપસ્યા કરીશ, પારણામાં રાંધેલા ભાતને ૨૧ વાર પાણીથી ધોઈને તેનો આહાર કરીશ.**

---

પ્રશ્ન - ૮ : કાવ્યના વિભાગના આધારે જવાબ લખો : (૨ × ૫=૧૦) ૧૦

નીચેના ભવોમાં લાગેલા પાપનું મિચ્છામિ દુક્કડં કરતી ગાથાઓ લખો :

૧) ખાટકીના ૨) પરમાધામીના ૩) છીપાના ૪) ભાડભૂંજાના ૫) વાણીયાના.

**જ. (૧) ખાટકીને ભવે મેં કર્યા, જીવ નાના વિધ ઘાત,**
**ચડીમાર ભવે ચકલાં, માર્યા દિન ને રાત... તે મુજ...**

**(૨) પરમાધામીના ભવે, દીધા નારકી દુઃખ,**
**છેદન, ભેદન, વેદના, તાડન અતિ તીક્ખ ... તે મુજ...**

**(૩) છીપાનાં ભવે છેતર્યા,, કીધાં રંગણ પાશ,**
**અગ્નિ આરંભ કીધાં ઘણાં, ધાર્તુવાદ અભ્યાસ... તે મુજ...**

**(૪) ભાડભૂંજા તણાં ભવે, એકેન્દ્રિય જીવ,**
**જાર, ચણા, ઘઉં, શેકિયાં, પાડંતા રીવ.**

**(૫) વાણિયાના ભવ જે કર્યા, કૂંડા લેખ લખાવ્યા,**
**ઓછું આપી, અધિકું લીધું, કૂડાં માપ રખાવ્યાં... તે મુજ...**

॥ જય જિનેન્દ્ર ॥